
## વડીલોને વંદન
## અભિનંદન



જી.પી.પટેલ
(૧૯૫૨) મો. ૯૮૭૯૮૩૦૮૭૮

## પાલનપુર પશ્ચિમ પોલીસ સ્ટેશનના પીએસઓ સસ્પેન્ડ

પાલનપુર શહેરના પશ્ચીમ પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ.એ ફરજ દરમ્યાન દાખવેલ બેદરકારીને લીધે એસ.પી. અશોક યાદવે સસ્પેન્ડ કરતા પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો છે. શહેરના ડીસા હાઈવે પર આલોક સોસાયટીમાં રહેતા રીટાબેન જયેશભાઈ મોદી બહાર સૂતા હતા દરમ્યાન અજાણ્યો શખ્સ ગળામાં પહેરેલ સોનાનો દોરો રૂ. ૩૦ હજાર ખેંચી નાસી છુટેલ. તે ગુનાની જાણ થાણા ઈન્ચાર્જને ફરજ પરના તત્કાલીન પી.એસ.ઓ. બચુભાઈ ખાતરાભાઈએ ના કરતા ફરજ પર બેદરકારી દાખવતા તેઓને સસ્પેન્ડ કરતા બેડામાં ખળભળાટ મચી ગયો છે.






કર્મચારીઓના વિવિધ પ્રશ્નોને લઈને આગળ ચાલનાર પૂર્વ કર્મચારી આગેવાન રામેશ્વર લોટે વિધિવત્ રીતે ભાજપમાં પ્રવેશ કર્યો હતો. આજે નગરમાં બેન્ડવાજા સાથે શોભાયાત્રા લોટના નિવાસ સ્થાનેથી નિકળી હતી. જે સેક્ટર-૧૩ લિંબચ માતાના મંદિર ખાતે સભામાં પરિણામી હતી. આ સભામાં ધારાસભ્ય અશોક પટેલ, મેયર મહેન્દ્રસિંહ અને ભાજપાના કાર્યકરોની ઉપસ્થિતિમાં રામેશ્વર લોટને કેસરી ખેસ પહેરાવી પ્રવેશ કરાવ્યો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

## ગેરકાયદેસર ખનીજ ચોરતા ત્રણ ટ્રક સહિત ચાલકને પકડ્યા

ભિલોડામાં કાયદાની ઐસી કી તૈસી કરી ગેરકાયદેસર ખનીજ ચોરી કરતા ઈસમો સામે ખાણ ખનીજ વિભાગની ટીમે લાલ આંખ કરી દરોડો પાડ્યો હતો. અને ત્રણ ટ્રક સાથે ત્રણ ઈસમોને ઝડપી પાડી વધુ કાર્યવાહી હાથ ધરી છે. સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લા સહિત અનેક વિસ્તારમાં ઠેર ઠેર ખનીજ ચોરો ખનીજ અને રોયલ્ટીની બેફામ ચોરી કરી રહ્યા છે અને કુદરતી સંપતિને નુકશાન કરી રહ્યા છે. દરમિયાન છેલ્લા ઘણા સમયથી ભૂમાયિઓ વધુ સક્રીય થતા તેમના વિરૂદ્ધ અનેક ફરિયાદ ઉઠવા પામી હતી. ત્યારે આજે ભિલોડા ખાણ ખનીજ વિભાગના અધિકારી અજીતસિંહના માર્ગદર્શન હેઠળ ભિલોડા વિસ્તારમાં સઘન ચેકીંગ હાથ ધર્યુ હતુ. દરોડામાં ટીમે ખોટી રીતે ખનીજ ચોરી કરી લઈ જતા ત્રણ ટ્રકોને ચાલક સાથે ઝડપી પાડ્યા હતા અને ભિલોડા મામલતદાર કચેરીમાં મોકલી આપ્યા હતા. જેના પરિણામે ખનીજ ચોરોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

# હિંમતનગરમાં સાંસદ દિપસિંહ રાઠોડના કાર્યાલયનું ઉદ્‌ઘાટન કરાયુ

### ગાંધીનગરના ગુડાના ચેરમેન અશોક ભાવસારના હસ્તે કાર્યાલય ખુલ્લુ મુકાયુ : જનહિતના પ્રશ્નોને વાચા મળશે

પ્રાંતિજ, તા. ૬
સાબરકાંઠાના સાંસદ દિપસિંહ રાઠોડે જિલ્લાની જનતાના વિવિધ પ્રશ્નો અને લોકસેવા માટે હિંમતનગર ખાતે નવા સહકારી વિશ્રામગૃહ પાસેના શોપીંગ સેન્ટરમાં તેમનું કાર્યાલય વિધિવત રીતે ખુલ્લુ મુક્યુ હતુ. આ સાંસદ કાર્યાલયનું ઉદ્‌ઘાટન ગાંધીનગરના ગુડાના ચેરમેન અશોક ભાવસારના હસ્તે કરાયુ હતુ.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

સાંસદ દિપસિંહનું કાર્યાલય ખુલ્લુ મુકાતા આ વિસ્તારની જનતામાં આનંદની લાગણી પ્રવર્તી છે અને આ કાર્યાલય થકી જનહિતના પ્રશ્નોને ઝડપથી વાચા મળશે તેમજ સત્વરે ઉકેલ આવશે તેવી નાગરિકો અપેક્ષા રાખી રહ્યા છે. આ પ્રસંગે ભાજપના અગ્રણીઓ જયેન્દ્રસિંહ રાઠોડ, વિનેન્દ્રસિંહ ઝાલા, પૃથ્વીરાજ પટેલ, સતીષ પંડ્યા તેમજ મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા.

# ચોમાસુ ભલે મોડુ આવે પણ વરસાદ સારો જ થવાનો : અંબાલાલ પટેલ

### ઈશાની દિશામાં વિજળી થાય તો ઉત્તર ગુજરાતમાં મેઘરાજાની કૃપા વરસે

ગાંધીનગર,તા. ૬

રાજ્યમાં નબળા ચોમાસાને પગલે ખેડૂતો ઉપરાંત લોકો ચિંતિત બન્યા છે. વરસાદના ટીપાની રાહ જોતા લોકો પરસેવાના ટીપા દેખી રહ્યા છે. ત્યારે ચોમાસામાં કેટલાક પરિબળોના કારણો ચોમાસામાં વિલંબ થઈ રહ્યો છે. રોહિણી નક્ષત્રમાં શરૂઆતમાં અથવા મધ્યમાં વરસાદ થઈ જતો હોય છે. ત્યારે ઘણી વખત લાંબા સમયનું વાયરૂ ફુંકાતુ હોય છે. અને વાદળો વિખેરાઈ જાય છે. ત્યારે ચોમાસુ ભલે મોડુ આવે પણ વરસાદ તો થવાનો તેમ હવામાન શાસ્ત્રીએ જણાવ્યું છે.

વૈશાખી વાયરા વા'તા હોય તેવા વાયરાના કારણે વાદળો વિખેરાઈ જાય છે અને વરસાદ થતો નથી. પુનઃ વસુ નક્ષત્રમાં સૂર્ય આવતા પવનનું જોર ઘટી જતુ હોય છે અને વરસાદ થતો હોય છે. ત્યારે આ વખતે અલનીનોના પ્રવાહની અસર જોવા મળી જેથી વરસાદી વહન ધાર્યુ નિશાન લઈ શકી નહિ. તેથી ચોમાસુ શક્રિય થયુ નહિ.

મહારાષ્ટ્રના મુંબઈ શહેરમાં પશ્ચિમ સાગર ઉપર ચોમાસુ સક્રિય થતા મેઘરાજાએ પધરામણી કરી હતી પરંતુ શ્રીલંકાથી ઉઠેલુ ચોમાસુ આગળ વધી કેરળ કાંઠે લગભગ એક જૂન સુધી આવી જાય તો જ ચોમાસાનું સ્વરૂપ સારૂ રહે. જ્યારે આ વખતે કેરળ કાંઠે છટ્ઠી જૂને ચોમાસુ પહોંચવાનું હતુ જેની શરૂઆત નબળી રહી તેના કારણે પણ ચોમાસામાં વિલંબ થઈ રહ્યો છે.

૧૯૭૨માં કેરણ કાંઠે ચોમાસુ ૧૮ જૂને પહોંચ્યું હતું અને ત્યારે પણ દેશ અને રાજ્યના અમુક ભાગોમાં વરસાદ ન્હોતો પડ્યો. અને દુષ્કાળ જેવી પરિસ્થિતિ સર્જાઈ હતી. ત્યારે ટુંક સમયમાં ચોમાસાની ગતિવિધિ જોતા ચોમાસુ કોંકળ ગોવાથી સક્રિય થઈને દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં વરસાદ આવી શકે છે. જાણીતા હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલ કહે છે કે જો વિજળી થાય તો જ વરસાદ આવે. વરસાદનું બીજ વીજ છે. તેથી જો ઈશાની દિશામાંથી વિજ થાય તો ઉત્તર ગુજરાતમાં વરસાદ થઈ શકે છે.

તેમને વધુમાં કહ્યું હતું કે બંગાળના ઉપસાગરનું વહન અને અરબ સાગરનું વહન એક સાથે ચાલે તો શ્રીકાર વર્ષા થાય. ચોમાસાની નબળી શરૂઆત વચ્ચે પણ તા. ૮, ૯ જુલાઈ સુધી મુંબઈ અને ત્યારબાદ તા. ૧૦થી ૧૫ વચ્ચે રાજ્યની સુકી ધરતી અને મીટ માંડીને બેઠેલા ધરતીપૂત્રોને વરસાદ હસાવી શકે છે. અને ૨૦ જુલાઈ સુધી રાજ્યમાં વરસાદ ચાલુ થઈ જશે. આ વખતનુ ચોમાસુ અનિયમિત હોવાથી કોઈ ભાગમાં સારો તો કોઈક ભાગમાં ઓછો વરસાદ થઈ શકે છે.

# મહારાષ્ટ્રની આંગડીયા લૂટ કેસના આરોપીઓ પાલનપુરમાંથી ઝડપાયા

પાલનપુર, તા. ૬
મહારાષ્ટ્રના જલગાંવ ખાતે થયેલ એક આંગડીયા લૂંટ કેસનો બનાસકાંઠા ક્રાઈમ બ્રાન્ચે પર્દાફાશ કરી આરોપીઓને ઝડપી એક કાર સહિત રૂપિયા સાડા ચાર લાખની રોકડ રકમ જપ્ત કરી હતી. આ ત્રણે આરોપીમાં એક પોલીસકર્મી છે.

બનાવની વિગતમાં મહારાષ્ટ્રના જલગાંવ ખાતે આવેલ એક આંગડિયા પેઢી આર.કાંતિલાલ ફાઈનાન્સ એન્ડ કુ. માંથી એક કર્મચારી રૂપિયા સાડા નવ લાખ લઈને પોતાની ગાડીમાં સુરત આવવા તા. ૧૧ મી જુને નીકળ્યો હતો. ત્યારે ચીકવાડા રેલવે ફાટક પાસે ત્રણ અજાણ્યા શખ્સોએ પોલીસ તરીકેની ઓળખ આપી વાહન ચેકીંગના બહાને ગાડીને ત્રણ કી.મી. દૂર લઈ જઈ આંગડીયા અને તેના ડ્રાઈવરને માર મારી રોકડ લઈ નાસી છૂટ્યા હતા.આ બનાવ અંગે મહારાષ્ટ્રના નંદુરબાર પોલીસ સ્ટેશને દિપક અમૃતલાલ પટેલે ફરિયાદ નોંધાવી હતી. મહારાષ્ટ્ર પોલીસની તપાસ દરમ્યાન આરોપીઓના મોબાઈલનું લોકેશન પાલનપુર ખાતેનું મળતા બનાસકાંઠા પોલીસ વડા અશોકકુમાર યાદવને લેખિતમાં જાણ કરી હતી.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

ગુનાની ગંભીરતા જોઈ એલસીબીના પોલીસ ઈન્સ્પેક્ટર એ.એમ. ચૌધરીને તપાસ સોંપાઈ હતી જેમણે તેમની ટીમ સહિત તપાસ હાથ ધરી શહેરના બેરારપુર નજીક આ લૂંટ કેસના ત્રણેય આરોપી મૌલિક ઉર્ફે સ્વીટુ સોમા પટેલ, હેમંત ઉર્ફે પપ્પુ સુખદેવ પંડ્યા (રહે. હિંમતનગર) શાહીબાગ પોલીસ સ્ટેશનના કર્મી તેમજ વિજયસિંહ અંતરસિંહ પરમાર (રહે. સલેમપુરા, પાલનપુર)ને જડપી રૂપિયા ૪,૫૦,૦૦૦ તેમજ આશરે ૮ લાખની કિંમતની કાર જપ્ત કરી હતી.

## પડતર પ્રશ્નોની સંખ્યા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

પાંચ વર્ષ કરતાં વધુ સમયથી પડતર છે. જ્યારે ગુજકોકનો કેન્દ્ર સાથેના સ્પર્શતા પ્રશ્નોની યાદીમાંથી બાકાત કરવામાં આવ્યો છે.

ભારતીય માછીમારોનું પાકિસ્તાન મરીન સિક્યુરીટી એજન્સી દ્વારા કરવામાં આવતુ અપહરણ માછીમારો પર અનઅધિકૃત ગોળીબાર અને બોટ જપ્ત કરી લઈ તેના રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ માટે થતા ઉપયોગનો પ્રશ્ન પડતર પ્રશ્નોની યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત રાજ્યના દરિયા કિનારે આવેલ નાના મોટા બંદરોની સુરક્ષા વ્યવસ્થાને સ્પર્શતા પ્રશ્નનો પણ પડતર પ્રશ્નની યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

શિક્ષણને લગતા પડતર પ્રશ્નોની સંખ્યામાં વધારો થવા પામ્યો છે. શિક્ષણને લગતા પડતર પ્રશ્નોની સંખ્યા વધીને ૧૦ થવા પામી છે.



પ્રાંતિજ તાલુકાના વાઘપુર ગામે બાબા રામદેવપીરનો તેત્રીસ જ્યોતનો પાટોત્સવ તથા સંતો મહંતોનો મેળાવડો વગેરેનું રાવળ સમાજ તેમજ અન્ય ભક્તો દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમ્યાન સંતો-મહંતોના સન્માનની સાથે સાથે સંતવાણી અને ભજનોનું પણ આયોજન કરાયું હતું. આ પ્રસંગે સામાજિક કાર્યકર જીવણસિંહ તેમજ મહાવીરસિંહ ઠાકોર પણ ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## શબ્દાવલી - ૫૪૩૯

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ■ | ૫ | ૬ | ૭ |
| ૮ | | | | ■ | ■ | ૯ | |
| | ■ | ■ | ૧૦ | ૧૧ | ૧૨ | ■ | |
| ■ | ૧૩ | ■ | ૧૪ | | | ૧૫ | ■ |
| ૧૬ | | ૧૭ | | ■ | ■ | ૧૮ | ૧૯ |
| ૨૦ | | | | | ૨૧ | | |
| | ■ | | ■ | ૨૨ | | ■ | |
| ૨૩ | | ■ | ૨૪ | | | | |

### આડી ચાવી

૧. ઘરનું કામ, ઘરકામ (૪)
૫. સુંડલો (વાંસનો) (૪)
૮. નાનમ (૪)
૯. લખોટી કે મોઇ દંડાની રમતમાં કરાતા નાના ખાડાઓ(૨)
૧૦. મર્યાદા-માન (૩)
૧૪. એક ભાજી (૪)
૧૬. ખુશખુશાલ (૪)
૧૮. કવિતાની રચના કરનાર(૩)
૨૦. સફેદી કા...., ચમકવું (૪)
૨૧. પાછું વળવું તે (૩)
૨૨. ઝાટકો, ઘા, નાશ (૨)
૨૩. કેન્સલ, બાતલ (૨)
૨૪. વાયરો, હવા (૩)

### ઊભી ચાવી

૧. ઘરકામ કરતી સ્ત્રી, ગૃહપત્ની (૩)
૨. મારી નાખ, નાશ કર (૨)
૩. કાપવું તે, વાઢ, કાપો (૨)
૪. જુદા જુદા મત પ્રર્વતવા તે(૫)
૬. ચરણ, ટાંટીયા (૨)
૭. ધુપ કે ઔષધિ (૩)
૧૧. ઘોડા-ગધેડાનું છાણ (૨)
૧૨. પતંગની ઢીલ છોડતાં દોરી વચ્ચેથી નમે તે (૨)
૧૩. ચુંગી, હુક્કો (૩)
૧૫. વિદુષક (૩)
૧૬. બુચકારો, બોલાવવો તે(૪)
૧૭. ક્યાં જાવ છો જેવો પ્રશ્ન કરવો તે, કેંકારો (૩)
૧૯. વહેંચવું તે (૪)
૨૧. પડતી, અવગતિ (૩)
૨૨. ઘા, વ્રણ (૨)

### શબ્દાવલી ૫૪૩૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) સુતરાઉ (૫) નાપાક (૮) પરાજીત (૯) વદ (૧૦) રપો (૧૧) રજવાડી (૧૩) અડવા (૧૫) કવાથ (૧૭) માટી (૧૮) તોડા (૧૯) જોક (૨૦) ધડીમ (૨૧) તય (૨૨) ધમાલ

**ઊભી ચાવી :-** (૧) સુપર (૨) તરાપો (૩) રાજી (૪) ઉતરડ (૬) પાવડી (૭) કદ (૧૨) જવાનજોધ (૧૩) અથડામણ (૧૪) મટીરીયલ (૧૬) વાતોડી (૨૦) ધણ (૨૧) તમા

## ટાઈમલાઈન

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

છે અને બીજો શરૂ થયો છે. હવે બાકીના જુલાઈ અને ઓગષ્ટ ઉપર મોટો મદાર છે...

ભૂતકાળમાં અમરસિંહ ચૌધરીના સમયમાં ગુજરાતે સતત ત્રણ વર્ષ સુધી દુષ્કાળનો સામનો કર્યો છે, જયારે કેશુભાઈ પટેલના સમયમાં કુદરતી અને મેનમેઈડ આપત્તિઓ વધારે આવી છે. ૧૯૯૫ થી ૨૦૦૧ સુધી કેશુભાઈ સુખેથી શાસન કરી શક્યા નથી. તેમના સમયમાં અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, વાવાઝોડા અને ધરતીકંપ થયા છે, બીજી તરફ માધવપુરા બેન્ક ગોટાળો, રાજકીય અસ્થિરતા અને સ્થાનિક ચૂંટણીઓમાં પરાજય જેવી આફતો કૂદી પડી હતી. મોદીના શાસનમાં ૨૦૦૨ના રમખાણોને બાદ કરતાં આવું કંઈ જોવા મળ્યું નથી. આનંદીબેન પટેલની સરકારને હજી દોઢ મહિનો થયો છે ત્યારે તેમની સરકારની આ પહેલી કસોટી છે...

**પેટ્રો-કેમમાં ગુજરાતનો દબદબો યથાવત...**

મોદીએ કરેલા કામો આજે પણ બોલે છે. પેટ્રોલિયમ, કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ ઈન્વેસ્ટમેન્ટ રિઝિયન (પીસીપીઆઈઆર) એ સમગ્ર ભારતનું અગ્રીમ હરોળનું ઈન્વેસ્ટમેન્ટ રિઝિયન બન્યું છે. ભારત સરકારના અધિકારીએ ગુજરાતને પ્રથમ રેન્ક આપ્યો છે. ૨૦૦૯માં ગુજરાતે આ ક્ષેત્રે ૫૦,૦૦૦ કરોડ રૂપિયાનું મૂડીરોકાણ અંદાજયું હતું પરંતુ હકીકતમાં ૭૦,૦૦૦ કરોડનું મૂડીરોકાણ થયું છે. ગુજરાતની સરખામણીએ આંધ્રપ્રદેશમાં ૩.૪૩ લાખ કરોડનું મૂડીરોકાણ થવાની પ્રપોઝલ હતી પરંતુ હકીકતમાં ૩૬,૦૦૦ કરોડનું મૂડીરોકાણ જોવામાં આવે છે...

ભારતના અન્ય એક રાજય ઓરીસ્સાએ પ્રપોઝ કરેલા ૨.૭૮ લાખ કરોડના રોકાણ સામે ૩૪,૭૦૦ કરોડ અને તામિલનાડુએ અંદાજેલા ૯૨,૦૦૦ કરોડની સામે માત્ર ૭,૦૦૦ કરોડનું મૂડીરોકાણ આવ્યું છે. એનો મતલબ એ થયો કે પેટ્રો-કેમમાં ગુજરાત આજે પણ દેશનું હબ રહ્યું છે. ધારેલા મૂડીરોકાણ સામે ૨૦,૦૦૦ કરોડનું વધારે રોકાણ એ ગુજરાતનો એક વિક્રમ કહી શકાય તેમ છે...

**ગુજરાત સરકારની આર્થિક સ્થિતિ સદ્ધર છે...**

ગુજરાતની આર્થિક સ્થિતિને સદ્ધર બનાવતા ઘટકોમાં મુખ્યત્વે કર આવકમાં ૧૮ ટકાનો વિક્રમી વધારો થયો છે. પાછલા વર્ષમાં કર આવક ૫૪ હજાર કરોડની આસપાસ હતી તે વધીને ૬૦ હજારને ક્રોસ કરી ગઈ છે. બીજી તરફ બિન-કર આવકો કે જેમાં સામાજીક, આર્થિક, સામાન્ય સેવાઓનો સમાવેશ થાય છે તેમાં પણ ૧૦૦૦ કરોડનો વધારો નોંધાયો છે. આવક વધવાનું મુખ્ય કારણ વેલ્યુ એડેડ ટેક્સ છે. જો એ ન હોય તો ગુજરાતની વાર્ષિક કર આવક ૪૦ હજાર કરોડને પણ ક્રોસ કરી શકી ન હોત, તેવું ફાયનાન્સ ડિપાર્ટમેન્ટ જણાવે છે...

વેટ પહેલાં એટલે કે ૨૦૦૪-૦૫માં રાજય સરકારની પોતાની કર આવક ૧૩ હજારની આસપાસ હતી. એ સમયે વેચાણવેરો હતો પરંતુ ૨૦૦૬ પછી વેટની આવકમાં વિક્રમી વધારો થયો હોવાથી આવકમાં પણ ઉછાળો નોંધાયો છે. ૨૦૦૯ પછી તો આવકમાં ઘણો મોટો વધારો થયો છે. બિન-કર આવક જે ૨૦૦૪-૦૫માં માત્ર ત્રણ હજાર કરોડ હતી. આજે નવ વર્ષમાં બમણા કરતા વધી ચૂકી છે. સરકારનો દાવો છે કે બિન વિકાસલક્ષી ખર્ચની સરખામણીએ વિકાસલક્ષી ખર્ચ વધ્યો છે તેથી ગુજરાતનું દેવું પણ વધ્યું છે, જો કે દેવું ઘડાડવા માટે કોઈ ઈન્ટીમેશન આપવામાં આવ્યું નથી....

**જ્યાં વાહનો વધે ત્યાં ટ્રાફીક હળવો ક્યાંથી...**

ગુજરાતમાં શહેરીકરણની સાથે વાહનોની સંખ્યા પણ વધતી જાય છે. જાણીને નવાઈ લાગશે કે આરટીઓ કચેરીમાં ૨૦૧૪ની માર્ચ મહિનાની સ્થિતિએ વાહનોની સંખ્યા ૧,૭૦,૯૧,૫૫૯ નોંધાઈ છે, જે ૨૦૧૩માં ૧,૫૭,૭૨,૪૫૩ હતી. લોકોનું જીવનધોરણ ઉંચું આવતા મોટર સાયકલ પછીનું સ્થાન મોટરકારે લીધું છે. સમગ્ર રાજયમાં હાલની સ્થિતિએ ૧૭.૭૧ લાખ મોટરકાર છે. રાજયમાં દ્વિચક્રી વાહનોની સંખ્યા ૧.૨૫ કરોડ થવા જાય છે જે પ્રતિવર્ષની જેમ વિક્રમી છે....

આખા ગુજરાતમાં ૬.૩૭ લાખ રીક્ષાઓ છે જેમાં મોટાભાગની સીએનજી રીક્ષાઓ છે જેને કારણે પ્રદૂષણની માત્રામાં ઘટાડો થયો છે. રાજયમાં ટેક્સીકેબની સંખ્યા વધી છે જે ૬૦ હજાર થવા જાય છે. ઉતારૂ બસ પણ એક લાખના આંકડાને ક્રોસ કરવા જઈ રહી છે. જો કે એમ્બ્યુલન્સની સંખ્યા હજી ૬૭૭૧ છે જેમાં માત્ર ૩૦૦નો વધારો થયો છે. પોલીસવાન સહિતના અન્ય વાહનો ૫૭ હજાર સુધી પહોંચી ગયા છે. ૧૯૮૦માં ગુજરાતમાં કુલ વાહનોની સંખ્યા ૪.૫૮ લાખ હતી જે ૧૯૯૦માં વધીને ૧૮.૪૦ લાખ થઈ છે. ૨૦૧૦ પછી વાહનોની સંખ્યામાં નોંધપાત્ર વધારો નોંધાયો છે. ૨૦૧૨માં વાહનોની સંખ્યા ૧.૪૪ કરોડ હતી...

**દિલ્હી ઇફેક્ટ, ગુજરાતમાં તરત જ અમલ...**

નવી દિલ્હીમાં નરેન્દ્ર મોદી જે કરે છે તેનો સીધો અમલ ગુજરાતમાં થઈ જાય છે. મોદીએ તેમની યુનિયન કેબિનેટને ફેસબુક અને ટ્વિટરથી સજ્જ થવા કહ્યું અને ગુજરાતે તેનો અમલ શરૂ કરી દીધો... મોદીએ સંસદસભ્યોને સોશ્યલ સાઈટ્સનો વધારે ઉપયોગ કરવાની સૂચના આપી અને ગુજરાતના ધારાસભ્યો હરકતમાં આવી ગયા. હવે એવું લાગે છે કે મોદી સરકાર પેટ્રોલ અને ડિઝલમાં વેટ ઘટાડવાની વિભાગને સૂચના આપે કે તુરત જ તેનો સૌથી પહેલો અમલ ગુજરાત કરશે. આ મુજબનો નિર્દેશ ફાયનાન્સ મિનિસ્ટર સૌરભ પટેલ આપી ચૂક્યાં છે...

આજે ભાજપના ૮૦ ટકા ધારાસભ્યો ફેસબુક અને ટ્વિટરના માધ્યમથી જોડાયેલા છે. આનંદીબેન પટેલની કેબિનેટના ૭૫ ટકા સભ્યો ટ્વિટરથી કનેક્ટેડ છે પરંતુ તેઓ જાતે અપડેટ કરતા નથી. તેમનો આઈટી સ્ટાફ એકાઉન્ટ સંભાળે છે. ટ્વિટર ઉપર સૌથી વધુ એક્ટિવ ફાયનાન્સ મિનિસ્ટર સૌરભ પટેલ છે. રાજય સરકારના વિભાગોની વેબસાઈટ પણ હવે તો ફેસુબક અને ટ્વિટર સાથે જોડાઈ ચૂકી છે, પરંતુ સમયસર અપડેટ નહી થતી હોવાની ફરિયાદ આજે પણ ચાલુ છે...

**વહીવટી તંત્રમાં હિસાબ-કિતાબનો સમય...**

ગુજરાત સરકારના વહીવટી તંત્રમાં હિસાબ-કિતાબનો સમય આવ્યો છે. ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલે જિલ્લા કલેક્ટરો તેમજ જિલ્લા વિકાસ અધિકારીઓની મોટાપાયે બદલીઓ કરી આશ્ચર્ય સર્જ્યુ છે. સચિવાલયના સૂત્રોએ જણાવ્યું છે કે મહેસૂલ વિભાગમાં તેમને અગાઉ નડેલા ઓફિસરોને કટ ટુ સાઈઝ કરી દીધા છે. વિજય નહેરા જેવા અધિકારીને પહેલા સીએમઓમાં સેક્રેટરી બનાવ્યા પછી તેમની બદલી કરી નાંખી અને તેમની જગ્યાએ અજય ભાદુને નિયુક્ત કર્યા.. આ અજય ભાદુ હવે ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડનો વહીવટ પણ સંભાળે છે...

ચીફ મિનિસ્ટરનું બીજું કદમ વિભાગોમાં સિનિયર ઓફિસરોની બદલી કરવાનું હશે, જે હવે ગમે તે સમયે થઈ શકે છે. ત્રણ ઓફિસરો ડેપ્યુટેશનથી પરત આવે છે અને બે ઓફિસરો ડેપ્યુટેશન પર જવાના છે. સિનિયર ટ્રાન્સફરોમાં મહેસૂલ, ફાયનાન્સ, પંચાયત, શહેરી વિકાસ, ઉર્જા અને આરોગ્ય આવી શકે છે. આનંદીબેન પટેલ આઈપીએસ અધિકારીઓની પણ બદલી કરી રહ્યાં છે જેમાં સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ અને સિનિયર આઈપીએસનો સમાવેશ થાય છે. બોર્ડ-કોર્પોરેશનમાં પણ મોટાપાયે ફેરફારો આવી રહ્યાં છે, જો કે જાહેર સાહસોમાં પોલિટીકલ નિયુક્તિ ક્યારે થશે તે અંગે ખુદ પ્રદેશ પ્રમુખ આર. સી. ફળદુ પણ બોલી શકતા નથી.

**કોંગ્રેસમાં સાફસુફીના દિવસો આવી રહ્યાં છે...**

ગુજરાત કોંગ્રેસમાં સાફસુફીના દિવસ આવી રહ્યાં છે. પાર્ટી હાઈકમાન્ડ દેશના અન્ય રાજયોમાં ભલે કોઈ ચેઈન્જ ના કરે, પરંતુ ગુજરાતમાં મોટાપાયે ચેઈન્જ આવી રહ્યાં છે. પ્રદેશ પ્રમુખ થી લઈને સ્ટેટ ઓફિસ બેરર્સ અને જિલ્લાઓમાં ફેરબદલ દેખાઈ રહ્યાં છે. જૂનાગઢ મહાનગરની ચૂંટણીમાં નવા મૂરતિયાઓ મેદાનમાં ઉતરી રહ્યાં છે તેવો નિર્દેશ મળતાં કોંગ્રેસ માટે સારા દિવસો આવી રહ્યાં છે. કોંગ્રેસમાં પ્રદેશ કક્ષાના કહી શકાય તેવા માત્ર ચાર નેતાઓ લાઈટમાં છે. શંકરસિંહ વાઘેલા, અર્જુન મોઢવાડિયા, શક્તિસિંહ ગોહિલ અને સિદ્ધાર્થ પટેલ એવા નામો છે જેને ગુજરાતના તાલુકા કક્ષાના કાર્યકરો ઓળખે છે. એ ઉપરાંત ભરત સોલંકી અને તુષાર ચૌધરી એ બન્ને દિલ્હીમાં કેબિનેટ -ધાનો રહી ચૂક્યાં છે.

કોંગ્રેસને નવા તરવરિયા યુવાનો જોઈએ છે. કોંગ્રેસની મહિલા પાંખને પણ મજબૂત બનાવવાની પ્રક્રિયા ચાલી રહી છે, કારણ કે ભવિષ્યમાં હવે કોંગ્રેસની કમાન પ્રિયંકા ગાંધીના હાથમાં આવે તેવું લાગે છે. મોદીના પગલે કોંગ્રેસનું હાઈકમાન્ડ યુવા અને મહિલાઓને સંગઠનમાં વધારે મહત્વ આપે તેવી સંભાવના નકારી શકાય તેવી નથી. જો કે કોંગ્રેસના એક સિનિયર નેતાએ કહ્યું છે કે કોંગ્રેસને દેશમાં ફરીથી ઉપર આવવું હોય અને પાર્ટીને વધારે મજબૂત કરવી હોય તો કોંગ્રેસના દિલ્હી સ્થિત નેતાઓએ હિન્દુઓના પડખે પણ ઉભા રહેવું પડશે. માત્ર મુસ્લિમોની ખુશામતખોરી ચાલશે નહીં અથવા તો પાર્ટીએ વોટબેન્કની રાજનિતી છોડવી પડશે... હિન્દુસ્તાનના બદલાયેલા રાજકારણમાં આ એક નગ્નસત્ય છે...

**કરકસર શબ્દ ગાયબ થઇ ગયો છે...**

હાલના રાજકીય માહોલમાં કરકસર શબ્દ ગાયબ થઈ ગયો છે. રાજય સરકાર હોય કે કેન્દ્ર સરકાર, હવે કોઈને વહીવટમાં કરકસર જોઈતી નથી. સરકારી ઓઈલ કંપનીઓમાં અબજો રૂપિયાના પેકેડ મેળવતા ઓફિસરો જલસા કરે છે. શિલા દીક્ષિત જેવા રાજકીય નેતાઓ ૩૨ એરકન્ડિશન્ડની હવા ખાય છે. જો કરકસર કરી હોત તો આજે મોંઘવારી નહી પણ સોંઘવારી હોત, બટાટા-ડુંગળી ૪૦ રૂપિયે કિલો ન મળતા હોત, પેટ્રોલ અને ડિઝલના ભાવો બિયરની બોટલ બરાબર ન હોત...